શ્રી શંકર સ્તુતિ.

(દ્વાદશ જ્યોતીર્લિંગ સાથે.)

"પદ્યમાં"

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર

જાની દોલતરામ વિ. પ્રાણશંકર.

પાટણ.

અમદાવાદ.

રાજનગર પ્રિન્ટીંગ પ્રેસમાં છાપી.

સંવત ૧૯૪૮

સને ૧૮૯૨ શાકે ૧૮૧૩

કીંમત ૦—૨—૦

પોષ્ટેજ છ પાઈ જુદી.

૪૯૯૮

શ્રી શંકર સ્તુતિ.

(દ્વાદશ જ્યોતિર્લીંગ સાથે.)

"પદ્યમાં"

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર

જાની દોલતરામ વિ. પ્રાણશંકર.
પાટણ.

અમદાવાદ.
રાજનગર પ્રિન્ટીંગ પ્રેસમાં છાપી.

સંવત ૧૯૪૮

સને ૧૮૯૨ શાકે ૧૮૧૩

કીંમત ૦—૨—૦
પોષ્ટેજ છ પાઈ જુદી.

અર્પણ પત્રિકા.

મ

હં ત

બા વા જી શ્રી જી

બા ગ ર જી ગુ રૂ ગેં

ડા ગ ર જી સ્વ

સ્થા ન અ

ડીયા.

યોગ્ય છો તેથી.

આ

બુ ક

સા થે આ પ નું

પ વિ ત્ર ના મ જો ડી

આ પ ને અં ધા

ર્પ ણ ક રૂં

છું

મુ॰ પાટણ
"શ્રી શ. સ્તુ. ઍા.
તા. ૧-૧-૯૨

લી॰ નમ્ર સેવક.
દોલતરામ વિ. પ્રાણશંકર
પુ. પ્ર કર્તા.

૪૯૯૮

શ્રી શંકર સ્તુતિ.

પ્રારંભ.

મંગળા ચરણ.

જય કુળદેવા હું તુજને, નમું ઉરમાં ધારી; (ટેક.)
અતી દીવ્ય છે તારૂં નામ, શુભ કાર્ય કરતામાં કામ;
સૌકો સમરે પ્રથમજ નામ, તું મહા મંગળકારી. જય. ૧
સુંઢ શુશોભિત દીસે અંગ, સમરે તેને થાય ઉમંગ,
દેજે અંગો હોય અપંગ, સેવ કરે એ નારી. જય. ૨
શુદ્ધ બુદ્ધ એનાં છે નામ, લક્ષ લાભ બે પુત્ર સમાન,
સમરૂં નિત્ય ધરી મન હામ, તુજ પિતા ત્રિપુરારી. જય. ૩
પુત્રિ રિદ્ધિને સિદ્ધિ સાર, જમાઇ ક્ષેમ કુશળ નીરધાર;
સેવકને તારો ભવપાર, પ્રણમું વારંવારી. જય. ૪
કરો સર્વનાં પૂરણ કામ, ગાય ગુણો જન સૌ નીજધામ;
કરી વિનતી દોલતરામ, શ્હાય કરો અસુરારી. જય. ૫

દોહરો.

સરસ્વતી મા માહરો, કરો પુર્ણ આ કોડ;
જીભ્યાએ વસજો તમો, દોલત કે કર જોડ. ૬

द्वादस ज्योतिर्लींग.

૧ सोमनाथ.

કલ્યાણ.

પાર્વતી પતી, કરૂં અર્જ હું અતી;
રંક સેવકોને સઘ આપ સન્મતી. ટેક

દ્વાદશ સ્થળમાં જ્યોતિ રૂપે, પ્રગટયા ત્રિભુવન તાત;
વર્ણન અલ્પ તણી સાથે, કરવાં નામો પ્રખ્યાત. પાર્વતી. ૧
દક્ષ પ્રજાપતિ તણી હતી જે, સત્તાવિશ કન્યાય;
તે સર્વેને પરણી ચંદ્રે, આદરીયો અન્યાય. પાર્વતી. ૨
સૌથી નાની હતી રોહણી, તેને આપે માન;
અન્ય કોયને નવ બોલાવે, જણવે નીજ અજ્ઞાન. પાર્વતી ૩
દક્ષે તેને તો સમજાવ્યો, બહુ બહુ આપી જ્ઞાન;
નવ માન્યું કશું એ જ્યારે, વળતી તે બોલ્યા વાણ. પાર્વતી. ૪
થાજે તું ક્ષયરોગી નિશ્ચે. આજ થકી પરમાણ;
તે દિનથી તો સોમ અતિશય, દુઃખી થયો બહુ જાણ. પાર્વતી. ૫
તે સંકટ ચદ્રે ખોવાને, સ્તુતિ કરી ધરિ ધીર;
પ્રભાસપાટણ માંહ્ય વશીને, સરસ્વતિને તીર. પાર્વતી. ૬
કરી સેવના સોમે તારી, પ્રસન્ન તમને કીધ;
અર્ધે અર્ધે માસે ક્ષયને, વૃદ્ધિ સ્થાપિત કીધ. પાર્વતી. ૭
વર થાપીને સૌ દુનિયાને, દર્શન દેવા કાજ;
સોમેશ્વર શુભનામ થકી, પ્રખ્યાત થયા મહારાજ. પાર્વતી ૮

---

૨ મલ્લિકાર્જુન.

(રાગ ચાલુ.)

પ્રપંચ કીધો તો ગણપતિયે, લગ્ન સમે જે વાર;
સ્વામી કાર્તીક તે કારણથી, રીસાયા નિરધાર પાર્વતી. ૧
માત પિતાનો ત્યાગ કરીને, ચાલી નિકળ્યા બહાર;
તેની શોધજ કરવા ચાલ્યાં, શિવ શકિત એસાર. પાર્વતી. ૨
તેની શોધ જડી તે વારે, ક્રૌંચગિરી છે જ્યાંય;
શિવ ઉમયા ત્યાં આવ્યાં ત્યારે, કાર્તીક નાઠા કયાંય. પાર્વતી. ૩
દ્વાદશ કોશ ઉપર જઈ બેઠા, સ્વામી કાર્તીક આપ;
ક્રૌંચગિરિ ઉપર વસિયા છો, જ્યોતિ રૂપે બાપ. પાર્વતી. ૪
મલ્લિકાર્જુન નામ થકી તે, દિનથી છો પ્રખ્યાત;
બીજું જ્યોતીલિંગ વર્ણવ્યું, સુણજો સરવે ભ્રાત. પાર્વતી. ૫

૩ મહાંકાળેશ્વર.

સિંહાનો કનરો.

ભકત ભોળાના થાવા સહુ ધારો મતીરે. (ટેક)
ઉજ્યનિ નગરીમાંરે, ભર્તુહરી થયો જ્યાંરે;
ત્યાં વસે એક વિપ્ર, ભોળાનો ભકત પવિત્ર;
પુત્ર ચાર સુ ચરિત્ર, સત્યવંત અતીરે. ભોળા૦ ૧
વિપ્ર મળીને સર્વરે, છે શીવતણું પર્વરે,
પૂજા પાર્થિવની કરે, ધુની વેદની ઉચરે;
આવ્યો દૈત્ય દૂષણ નામનો, ભ્રષ્ટ મતીરે. ભોળા. ૨
હતા જે શિવ ભકતરે, પીડે તેને તે સખ્તરે,
હતા પાર્થિવ જે ઠામ, પડી ખાડ અભિરામ;

થયા શિવજી તહીં તો, દિલ ક્રોધ અતીરે. બોળા. ૩
દૂષણના મહાકાળરે, સ્વરૂપ વિકરાળરે,
સૈન્ય સાથ કીધો નાશ, કર્યો તે દીનેથી વાસ;
મહાંકાળેશ્વર ધર્યું નામ, હર્ષ અતીરે. બોળા. ૪

૪ ઓંકારમમરેશ્વર.

બનજારાની લાવણી.

થશો સ્હાય તમો ત્રિપુરારી, કરૂં અર્જ હું આજ તમારી (ટેક)
વસે વિંધ્યાચળ ગિરી જ્યાંય, મૂનિ નારદ આવ્યા ત્યાંયરે;
કરી પુજા ગિરીએ સારી, કરૂં અર્જ હું આજ તમારી થશો. ૧
પછી બોલ્યો ધરી મન ગર્વ, ચીજ ઘેર વશે નિજ સર્વરે;
વધા વિણાપાણુ વિચારી, કરૂં અર્જ હું આજ તમારી. થશો. ૨
શીદ ગર્વ કરે ગિરીનાથ, દીર્ઘ વિચારી જો દિલ સાથરે;
મેરૂ તુજ થકી મહા ભારી, કરૂં અર્જ હું આજ તમારી. થશો. ૩
ઉંચો તુજથી તેહ અપાર, થાય યજ્ઞ જહાં જે વારરે;
યજ્ઞ ભાગ મળે તે વારી, કરૂં અર્જ હું આજ તમારી. થશો. ૪
નથી તે તિલ માત્રજ તારે, છતાં ગર્વ કરે તું ભારેરે;
દિલ માંહીજ લે તું વિચારી, કરૂં અર્જ હું આજ તમારી. થશો. ૫
સૂણિ નારદજીની વાણી, ગિરીનું ગયું ઉતરી પાણીરે;
લાગી ઝાળ નકી તન ભારી, કરૂં અર્જ હું આજ તમારી. થશો. ૬
કર્યું ઓંકાર બાણુ તે ઠાર, શિવ મૂર્તિ ધરી મોઝારરે;
કીધું તેનું પુજન અપારી, કરૂં અર્જ હું આજ તમારી. થશો. ૭
ખટ માસ કરી જ્યાં સેવ, થયા પ્રસન્ન ત્યાં તતખેવરે;
વર આપવા વાત વિચારી, કરૂં અર્જ હું આજ તમારી. થશો. ૮
મૂર્તિ માંહિથી જ્યોતિ રૂપે, બાણુ માંહિથી લીંગ સ્વરૂપેરે;

દીધાં છે દર્શન તે વારી, કરૂં અર્જ હું આજ તમારી. થશો. ૯
થયા વિંધ્યા ઉપર પ્રસન્ન, વરદાન દિધું ધરી મન્નરે;
ઉંચો વધીશ તું જ અપારી, કરૂં અર્જ હું આજ તમારી. થશો. ૧૦
દેવ દાનવ આવ્યા ત્યાંહી, વિંધ્યાચળ ગિરી છે જ્યાંહીરે;
વિનવ્યા સૌએ ત્રિપુરારી, કરૂં અર્જ હું આજ તમારી. થશો. ૧૧
દેવે કરી વિનંતી અપાર, કરો વાસ તમો આ ઠારરે;
વસ્યા તે દિનથી ત્રિપુરારી, કરૂં અર્જ હું આજ તમારી- થશો. ૧૨
થયા ઓંકાર યંત્રની માંહી, સ્તુતિ અમરોએ કીધી ત્યાંહીરે;
ધર્યું નામ નકી દિલ ધારી, કરૂં અર્જ હું આજ તમારી. થશો. ૧૩

દોહરો.

ઓમ્‌કારમ્ અમરેશ્વરં, ધરિયું એવું નામ;
ચોથું જ્યોતિર્લિંગ આ, વરણવિયું આ ઠામ. ૧૪
તે દિનથી વધિયો તહાં, વિંધ્યા ગિરી અપાર;
જાય નહીં પશ્ચિમ મહીં, તેજ રવી તલભાર. ૧૫
તેથી મુનિ અગસ્ત્ય જે, આવ્યા વિંધ્યા પાસ;
નિજ ગુરૂને નમિયો અતિ, કરગરીઓ થઇ દાસ. ૧૬
થયો દંડવત જ્યાં ગિરી, વદિયા વાક્ય મુનેશ;
ઉભો ના થા ત્યાં સુધી, ફરિ હું યાં આવેશ. ૧૭
દુખ ટાળી સૌ દેવનું, મુની થયા વિદાય;
તે દિનથી વિંધ્યા પડયો, કદિયે નવ ઉઠાય. ૧૮
મુનિ તે જાશે સાંજદા, ઉઠશે વિંધ્યા આપ;
સુણજો ભ્રાતો સૌ મળી, એવો છે શિવ બાપ. ૧૯

---

૫ केदारेश्वर.

ગીતિ

હિમાચળ ગિરી શિરપર, જગ જાહીર છે શિખર કેદાર;
નર નારાયણ પ્રગટયા, જેહ ખરેખર ભગવદ્દવતાર. ૧
સ્તવન કરી સંકરનું, કહ્યું પછી તમ રહો મુજ સાથ;
કેદારેશ્વર નામે, અતિ ખ્યાત પામ્યા ઉમાયા નાથ. ૨

દોહરો.

તે દિનથી વસિયા તહાં, જ્યોતી રૂપે આપ;
સંકટ સહુ નર નારનાં, દૂર કરો જગ બાપ. ૩

૬ भीमशंकर

ચોપાઇ.

જાહિર જગમાં કામરૂ દેશ, કામ રૂપેશ્વર શુભ નરેશ;
દક્ષિણા રાણીનું શુભ નામ, ધરતી અહોનિશ શંકર ધ્યાન. ૧
દેશ મહીં છે પર્વત સાર, નામ સૈયાદ્રી બહુ વિસ્તાર;
રાક્ષસ એક વસે તે ઠામ, તેહ તણું ભીમ એવું નામ. ૨
તેણે કરયું તપ વર્ષ હજાર, બ્રહ્મ પ્રસન્ન થયા તે વાર;
વર માગ્યો તે રાક્ષસ આપ, બહુ બળવાન કરો મુજ બાપ ૩
તેહ પ્રમાણે કરિયું કામ, રાક્ષસને શિર ત્રુઠયા આમ;
ચાલ્યો વર લેઇને તે વાર, આવ્યો ડાકિનિ નગ્ર મોઝાર. ૪
કામ રૂપેશ્વર કબજે કીધ, રાજ મુગટ પોતે ધરી લીધ;
રાય ને રાણિ બાંધ્યાં ત્યાંય, નાખ્યાં બંધીખાના માંય. ૫
વળતી દમવા લાગ્યો દેવ, સૌ સમરે શંકર મહાદેવ;
થયા પ્રસન્નજ ઉમીયાનાથ, વદિયા ત્યાં સુર સર્વે સાથ. ૬

કશી ન ધરશો ચિંતા મંન, ભીમ પમાડું આજ પતંન
સૂર તમે સમર્યો છે યાંય, કામ રૂપેશ્વર સમરે ત્યાંય. ૭
રાક્ષસનો હું આણું કાળ, જાઉં જહું તાંહિ તતકાળ;
એમ કહીને ચાલ્યા નાથ, નિજ નિજ સ્થાન ગયો સુર સાથ. ૮
કેદ મહીં છે જે નર નાર, પાર્થિવ પૂજે અપરંપાર;
એક સમે તે કરતો સેવ, અનુચરે દિઠો તતખેવ. ૯
ભીમ કને તે કે'વા જાય, ઉર મહીં તો હર્ષ ન માય;
વધામણી ખાઉં નિરવાણ, કાંઇક મુજને દેશે લાણ. ૧૦
કર જોડી ઉભો તે વાર, સર્વ વૃતાંત કહ્યો છે સાર;
દિલ વિચારી રાક્ષસ વાત, કરે નક્કી કામણ સાક્ષાત ૧૧
કામરૂપેશ્વર રાખ્યો જ્યાંય, રાક્ષસ આવી બોલ્યો ત્યાંય;
અલ્યા રાય આ કરતો શુંય, કરે મૂજપર કામણ તુંય. ૧૨
જોઇ નથી તેં આ તરવાર, કરી શીવ હણવા તૈયાર;
એમ કહી કહાડે જે વાર, બાણ તહીં ફાટયું નિરધાર. ૧૩
નિકળ્યા શંકર જ્યોતિ રૂપ, તેહ દિસે છે બહુ અદ્‌ભૂત;
ક્રોધિ થએલા શીવ અપાર, ભસ્મ કીધા રાક્ષસ તે ઠાર. ૧૪
ફુતકારે બહુ ઉઠી રાખ, કામણની થઇ છે તે ખાખ;
ત્યાંય પધારયા સર્વે સૂર, ક્રોધી છે શીવજી ભરપૂર. ૧૫
દેવતા સર્વ મળીને સાર, આરાધ્યા વળતી ત્રિપુરાર·
શાંત થયા ત્યાં ભોળાનાથ, રાય તણો ત્યાં સાહયો હાથ. ૧૬
વર માગ્યો દેવે તે વાર, શિવજી વાસ કરો આ ઠાર;
ભીમેશ્વર ધર્યું છે નામ, વસિયા તેહ દિને તે ઠામ. ૧૭

દોહરો.

ભીમેશ્વર શુભ નામથી, વસ્યા ડાકિની ગામ;
કરજોડી શિવજી તને, વિનવે દોલતરામ. ૧૮

૭ વિશ્વેશ્વર.

લાવણી.

સાંભળજો સર્વે હિન્દ તણા વતનીયો,
ગરીબ ને તવંગર સૌ નરને કામનીયો. (૧૬)
સૃષ્ટિની આદ્યમાં કાંઇ નહોતું જ્યારે,
મન મધ્ય કર્યો વિચાર વિશ્નુંએ ત્યારે;
શું કરવાથી તે થશે વિચાર્યું ત્યાંહી,
તપ કરવું મારે ઠામ ઠરીને ક્યાંહી. સાંભળજો. ૧
આરાધ્યા ત્યાં વિશ્નુંએ પછી ત્રિપુરારી,
મહાદેવે પંચકોશી મોકલી તે વારી;
તેની ઉપર તપ કર્યું વિશ્નુંએ ભારી,
તપના પરભાવે થયા શ્રમીત અપારી. સાંભળજો. ૨
પરસેવા રૂપે નીર નિકળ્યું તનથી,
બહુ શ્રમિત થયો હું એમ વિચાર્યું મનથી,
શ્રમના હાર્યા સુઇ રહ્યા તે જળની માંહી,
બ્રહ્માજી પ્રગટજ થયા નાભિથી ત્યાંહી. સાંભળજો. ૩
તે બ્રહ્માજીએ રચી સૃષ્ટિ દિલ ધારી,
લીલા શું વરણું તેહ તણી વિસ્તારી:
લોકનાં કર્મ બંધન છોડાવા કાજે,
ધાર્યું નીજ દિલ માંહ્ય શીવ મહારાજે. સાંભળજો ૪

રામગ્રી.

મન વિચારીને શીવજી સ્થાપિયા તતખેવ;
અવિ મુક્તેશ્વર નામથી, કીધા છે, મહાદેવ.
મન વિચારીને શીવજી........ (ટેક)

આજ્ઞા કરી તે દેવને, વસજો યાં આપ;
અધિપતિ આ પચક્રોશિના, કરી થાપું અઘાપ. મંન. ૧
આ આશ્રમના લોકનાં કરજો દુર કષ્ટ;
એમ કહી ત્રિશૂળથી, ધરિ પૃથ્વીને પૃષ્ટ. મંન. ૨
પૃથ્વી તણો તો કો સમે, થાય પ્રલય કાળ;
પંચક્રોશિનો નાશ તો, નહીં થાય કો કાળ. મંન. ૩
કારણ કે સૃષ્ટી તણો, થાય જ્યારે સંહાર;
ધરે ત્રિશૂળ ઉપર નકી, પંચક્રોશિ તે વાર. મંન. ૮
એક સમે બ્રહ્મા કને, ગયા મહારાજ શીવ;
શીવને જોઇને દ્રષ્ટથી, થયો ખુશ બહું જીવ. મંન.. ૯
પરથમથી નિજ પુત્રીનો, હતો તેહને શ્રાપ;
દુષ્ટ વચન મુખ એકથી. વદે નિશદીન આપ. મંન. ૧૦
ચાર મુખે ચાર વેદથી, શિવ વીનવ્યા તે વાર;
દુષ્ટ વચન મુખ પાંચમે, બોલ્યા બ્રહ્મ અપાર. મંન. ૧૧
માહાદેવે મંન વિચારિયું, મૂખ આ છે નકામ;
વદન વિધીતણું પાંચમું, હણિયું અભિરામ. મંન. ૧૨
મુકત થવા બ્રહ્મ કર્મથી, કરિયાત્રા અપાર;
આવી ચડયા છે શીવજી, કાશિ ક્ષેત્ર મોઝાર. મંન ૧૩
અવિમુકતેશ્વરની કને, ગયા દર્શન કાજ;
અન્યો અન્યે પુજા કરી, થઇ શોભા આજ. મંન. ૧૪
અવિમુકતેશ્વર બોલીયા, મહાદેવ શું ત્યાંય;
આપ રજા દો હવે મને, આપ વસજોજ આંય. મંન. ૧૫
ધરવાને ધ્યાન હું જાઉં છું, અહિયાં થકી આજ;
સાચવજો આપનું બધું, મને દીધેલ રાજ. મંન. ૧૬

શિવજીએ તો તે દીનથી, પૂર્યો કાશીમાં વાશ;
કર્મ બંધન સહુ પ્રાણિનાં, પોતે કરવાજ નાશ. મંન ૧૭
નામ વિશ્વેશ્વર ધારીને, રહ્યા ત્યારથી આપ;
વંદે દોલત કરજોડીને, સ્હાય કર જગબાપ. મંન. ૧૮

૮ त्र्यंबकेश्वर.

લાવણી.

સુણો ભ્રાત સહુ હેત ધરીને, ત્ર્યંબકેશ્વરની કહું કથા;
ધામ જેહતું નાશિક પાસે, દૂર કરે દર્શને વ્યથા. ટેક.
બ્રહ્મ ગિરી પર્વતને પૃષ્ઠે, ગૌતમ ૠષિ વસતા જે વાર;
તે મુનીએ તે ઠામ વશી, તપ કીધું વર્ષ આગળ હજાર. સુણો ૧
તેહ સમામાં સો વર્ષોનો, અનાવૃષ્ટીનો પડિયો કાળ;
પ્રાણિ સર્વની દયા ધરીને, આરાધ્યાતા વરૂણ ભૂપાળ. સુણો ૨
પ્રસન્ન થઇને કુંડજ દીધો, તે સ્થળની માંહી તે વાર.
નામ કુંડનું ગૌતમ ધાર્યું, જેમાં નિરમળ નીર અપાર. સુણો. ૩
કુંડ દેઈને વરૂણ દેવ તો, સ્વધામ પોતે ચાલિ ગયા;
તેહ કુંડનું જળ પામીને, પ્રાણીમાત્ર બહું સુખી થયા. સુણો ૪
એક દિવસ તે કૌશિક મુનિયે, મોકલિયા શિષ્યોને ત્યાંય;
જાઓ તમે લઈ આવો જળ ઝટ, સ્તાનજ કરવું આંય. સુણો ૫
શિષ્યો જળ લેવાને કાજે, કુંડ મહીં આવ્યા જે વાર.
જળ ભરનારી નારી સઘળી, લાગી વઢવા તેને ઠાર. સુણો ૬
અતી પેરથી ગાળો દીધી, અને વળી બોલી તે એમ;
અમો સ્ત્રિયો અહીં જળ ભરીયે છે, ત્યાંહી તમો નરઆવ્યા કેમ સુ. ૭
શિષ્યો તો બહુ બન્યા ગાભરા, આવ્યા ૠષિ પત્નિની પાસ;
પછી સહુ વરતાંત જણાવી, અહલ્યા આગળ બોલ્યા દાસ સુ. ૮

ઋષિ પત્નિ શિષ્યોને લઇને જળ ભરવા આવી તે ઠામ;
સઘળી સ્ત્રીઓને બહુ વિનવી, શિષ્યોનું કરી આપ્યું કામ. ૯
વળતી સઘળી નારે તેને, મેંહેણાં માર્યા અપરંપાર
ઘેર જઇને બહુ સમજાવી, ભંભેર્યા છે નીજ ભરથાર સુણો. ૧૦

ગજલ

સર્વ વિપ્ર એકઠા મળી કર્યો વિચાર,
કુંડ ગૌતમ નામથી કહાવે છે આ ઠાર. ટેક
તેથી કીર્તિ તેની યાં જામશે અતિ;
એમ ધારિ દિલ ઇર્ષા લાવિયા નકી. સર્વ૦ ૧૧
એવો શો ઇલાજ કરે થાય એહ કામ.
નાશી જાય તે મુનિઆ છોડીને મુકામ. સ૦ ૧૨
વિપ્ર સર્વ કો મળીને વીનવ્યા ગણેશ;
થઇ પ્રસંન બોલિયા વચન લ્યો મુનેશ. સ૦ ૧૩
વળતિ વિપ્ર બોલિયા, જે શાંત જીવ થાય;
નાસી જાય ત્યાંથી મુનિએ કરો ઉપાય. સ૦ ૧૪
વચન આપીયું છે તેથી આદરયું એ કામ;
ગાય દુર્બળ બનીને વીચર્યા તે ઠામ. સ૦ ૧૫
ચરવા લાગિ યામુનીના ક્ષેત્રમાંથી અંન,
હાંકવાને ચાલિયા ધરી મુનેશ મંન. સ૦ ૧૬
અંગ ગાયને ધરી જ્યાં દર્ભની સળી,
તુર્ત મૃત્યુ પામિને નકી પડી ઢળી. સ૦ ૧૭
અન્ય વિપ્ર જે હતા તે બોલિયા તે ઠામ;
મારી કાઢો દુષ્ટને અહીંથી અભિરામ. સ૦ ૧૮
એમ કહીને પંચ ઇટાળી કરી તે ઠાર;

પતિ સાથ નારિ ચાલિયા નકી તે વાર. સ૦ ૧૯
દૂર ત્યાંહિથી જઇ અને કર્યો મુકામ;
વિપ્ર સર્વકો મળી ધરાવ્યું દૂષ્ટ નામ. સ૦ ૨૦
પ્રાર્થના કરી મુનિયો વિપ્રની તદા;
કો ઉપાય પાપ મુક્ત થાઊં હું કદા. સ૦ ૨૧
બોલિયા ત્યાં વિપ્ર મુનિ તું સુણી લે આજ;
આ હત્યાથી મુક્ત થવાને કરો એ કાજ. સ૦ ૨૨
બ્રહ્મગિરીની પ્રદક્ષિણાજ નિરધાર;
એક ચિત્તથી કરો સો એક એકવાર. સ૦ ૨૩
ને વળી બતાવું બીજું તે તમો કરો;
લિંગાર્ચન કોટી કરવા આપ આદરો. સ૦ ૨૪
તે પછી ગંગાજી આંહી આવી આપને;
સ્નાન જો કરાવે શુદ્ધ થાઓ તે સમે. સ૦ ૨૫
પ્રથમની વિધી બે કરીને કર્યો વિચાર;
શ્રી ગંગાજી કાજ શીવ સેવિયા અપાર. સ૦ ૨૬
શિવજી થયા પ્રસન્ન આજ્ઞા દિધી ગંગ;
દોષ સૌમટી જવાથી થૈ રહ્યા ઉમંગ. સ૦ ૨૭
વીનતી બહુ કરીને રાખીયા તે ઠામ;
તે દિનથી તો રહ્યા ત્યાં શીવ અભિરામ. સ૦ ૨૮
નાસિક તણી નજીક છે ત્રંબકગામ;
ત્ર્યંબકેશ્વરનું શુભ ધામ તેહ ઠામ. સ૦ ૨૯

દોહરો

સ્થળ વરણ્યું મેં આઠમું, પ્રીત ધરી આ વાર;
દોલત કે બોલો સહુ, જય જય શ્રી ત્રિપુરાર. ૩૦

૯ વૈદ્યનાથ.

લાવણી.

એક સમે રાવણ જે રાજા, મહા બળિયો થાવાને કાજ;
જઈ કૈલાસે તપ બહુ કીધું, પ્રસન થયા નહીં શિવ મહારાજ. ટેક.
વિચાર એવો કીધો મનમાં, થયા પ્રસન્ન ન ભોળા બાપ;
ઝાડ ખંડિ ઝાડીમાં જઇને, અરપું યજ્ઞ માંહી શિશ આપ. એક. ૧
તેહ પ્રમાણે યજ્ઞ કરીને, નવ મુસ્તકને હોમ્યાં જયાંય;
એક શિશ હોમે જેવારે, પ્રગટ થયા છે શિવજી ત્યાંય. એક. ૨
વરથાપીને બળ બહુ દીધું, દશ મુસ્તક કીધાં તૈયાર;
જેમ વૈદ્ય ઓસડ કરી દે, તે પેરે કીધાં નિરધાર. એક. ૩
પછી રાવણે સ્તુતિ કરીને, શિવજીને રાખ્યા તે ઠાર;
તે દિનથી નામ ઝાડ ખંડી, **વૈદ્યનાથ** ધરિયું તે વાર. એક. ૪
નવમું જ્યોતિર્લીંગ વર્ણવ્યું, સુણજો સર્વ નરને નાર;
દોલત કે કરજોડી સઉને, શંકરની જય બોલો સાર. એક. ૫

૧૦ નાગેશ્વર.

મારૂ.

પ્રણમું પ્રણમું તુને મહાદેવ, તારી નિત્ય કરૂં હું સેવ;
ગુણ શું તુજ ગાઉં હું તાત, અરધાંગમાં ઉમયા માત. ૧
એકદારૂકા રાક્ષસિ એવી, જેણે પાર્વતિને બહુ સેવી;
વરદાન દીધું છે અગાધ, પ્રસંન થઇ ઉમયામાત. ૨
ગાઉ ચોસઠનું નીજ વંન, લઈ જાય જ્યાં ધારે મન;
દારૂકાવન નામજ ધરિયું, રાક્ષસીતણું કારજ કરિયું. ૩
પતી તેહનો દારૂક નામ, બળવાન અતી તે ઠામ;

અતિ રાક્ષસ પક્ષમાં લીધા, તેણે યજ્ઞ થતા બંધ કીધા. ૪
નાશ ધર્મનો કરતો અપાર, કરે મનુષ્ય તણો તે આહાર;
રૂષિ ઓર્વ નામે તે વાર, કરતા તપ ત્યાંહિ અપાર. ૫
આવ્યા સર્વજનો તે પાસ, લાગ્યા કરગરવા થૈ દાસ;
મુની રક્ષા કરોને અમારી, હ્યોજી આપ આવાર ઉગારી. ૬
બોલ્યા આપ રૂષિજી વચંન, ધારો નિશ્ચે કરીને મંન;
ધર્મ યજ્ઞ કે પ્રાણી કોય, કરે નાશ તેનું મૃત્ય હોય. ૭
સુણી શ્રાપ તે રાક્ષસ ત્યાંહી, નાશ કોયનો કરતાજ નાંહી;
પામ્યા દુઃખ નકી તેહ ભારી, સુર સૌકોએ વાત વિચારી. ૮
આવ્યા રાક્ષસથી યુદ્ધ કરવા, લાગ્યા તેહથી તે બહુ ડરવા;
યુધ્ધે રાક્ષસ માર્યા અપાર, દારૂકાએ વિચાર્યુ તે વાર ૯
નિજ વન લઇ ગૈ આકાશ, ઉદધિ મહીં કીધો વાસ;
મુનિ શ્રાપથી પૃથ્વી મોઝાર, હિંસા કરતા નહીં તે ઠાર. ૧૦
કિધો છે જળમાં વિશ્રામ, પામ્યા રાક્ષસ ત્યાં આરામ;
કોઇ વ્હાણુ જો તે સ્થળ જાય, દૈત્ય માત્ર ખુશી બહુ થાય. ૧૧
જન નૌકા તણા નિરધાર, કરે કેદ કે નિશ્ચે અહાર;
લુંટી લે સૌ તેનો માલ, બિચારાના તે કરતા હાલ. ૧૨
એવામાં એક સુપ્રિયનામ, પકડાયો તહાં અભિરામ;
વૈસ્ય જાતને પુરણ ભક્ત, નાખ્યો કેદખાને તે વખ્ત. ૧૩
પૂજા પાર્થીવની તહિ કરતો, શીવ શંકરનું ધ્યાન ધરતો;
સેવના તે કરેછે ત્રિકાળ, લેતા આપ પ્રતક્ષ દયાળ. ૧૪
ધરી રૂપ મનુષ્યનું ત્યાંહી, આવતા શીવ તે સ્થળ માંહી;
અન્ય સર્વ જનો તે દેખે, પણ વૈસ્ય તેને નવ પેખે. ૧૫

ચોકી કરતો જે ચોકીદાર, દેખ્યું તેણે તેવું એકવાર;
ગયો દારૂકની પાસ તેહ, વંદી ચરણને વદિયો એહ. ૧૬
મહારાજા સુણો મુજ વાત, થાશે નિશ્ચે અતિ ઉતપાત;
બંધિખાનામાં સુપ્રિય જેહ, દેખ્યો કામણ કરતો એહ. ૧૭
આવે કો જન તેની પાસ, કરો રાયજી આપ તપાસ:
આવે કયાંથી ને કયાં તે જાય, કશું અમથી તે તો ન કળાય. ૧૮
આવ્યો ત્યાંહિ તે દારૂક દૈત્ય, બંધિખાનામાં શેવક સૈત;
અલ્યા આ શું કરે તું આંહી, પૂછયું સુપ્રિયને તે ત્યાંહી. ૧૯
આવે છે નર જે પાસ તારી, બતલાવ મને આવારી;
બુરા હાલ નહીં તો થાશે, જોતા મહીં નકી જીવ જાશે. ૨૦
આવતા શીવ જે શાક્ષાત, વૈસ્ય જાણતો નહીં તે વાત;
તેથી બોલ્યો સુપ્રિય તે વાર, નથી જાણતો હું તલભાર. ૨૧
લાગ્યું દારૂકને તેહવાર, બોલે વૈસ્ય જુઠું નિરધાર;
દિધી આજ્ઞા ત્યાં દારૂકનાથ, હતા રાક્ષસ જેનીજ સાથ. ૨૨
લાગ્યો તાડવા રાક્ષસ સાથ, સુપ્રિયે સમર્યા શિવનાથ;
થયા પ્રસંન ત્યાં તતકાળ, ભક્તવત્સળ આપ દયાળ. ૨૩
પ્રગટયા ભૂતળમાંથી ત્યાંહી. ચાર દ્વારના મંદિર માંહી;
આપ્યું વળતિ પાર્વતી નાથે, પાશુ પતા શ્રવૈસ્યને હાથે. ૨૪
નાઠા કૈંક મુકી નિજ ગર્વ, બાકી મારીયા રાક્ષસ સર્વ;
વર્ણ ચારના ધર્મ સમાન, ચાલે એવું માગ્યું વરદાન ૨૫
બોલ્યો સુપ્રિય તેમ તે વારી, વરદાન દિધું ત્રિપુરારી;
એક દૈત્ય વસે ના આંહી, માગ્યું સુપ્રિય વૈસ્યેજ ત્યાંહી. ૨૬

ગજલ.

દારૂકાની પાસ તો આ વાતરે ગઇ,

વરશિવજીએ થાપ્યો જાણી ઉદાસી થઇ. (ટેક)
કીધાં છે પ્રસંન સ્તુતિ તો કરી ઘણી;
થયાં ત્યાં પ્રગટ જે કૈલાસનાં મણી. દારૂકા. ૨૭
રાક્ષસી બોલી પછી સુણોને શકિત આપ;
મુજકુળને હણે છે કેમ જગ્ત બાપ. દારૂકા. ૨૮
માટે માજી વંશ મારો થાય નાશના;
યુક્તિઓ એવી રચો જે બક્ષે તે ક્ષમા. દારૂકા. ૨૯
અસ્તુ કહીને ચાલ્યાં માજી, જ્યાં છે ભોળાનાથ;
વંદી શીવને પછી તે બોલ્યાં જગ્ત માત. દારૂકા. ૩૦
દીધેલું વરદાન મારૂં પ્રથમથી બને,
આપનું તો થાય કલીયુગને સમે. દારૂકા. ૩૧

દોહરા.

પછી શીવજી બોલિયા, નિશ્ચે થાશે તેમ;
તે દિનથી વધીયો બહુ, અસૂર વંશજ એમ. ૩૨
સુપ્રિયને વરદાન જે, આપ્યું તું મ્હાદેવ;
સિદ્ધ કરીને આપવા, વસિયા ત્યાં તતખેવ. ૩૩
અને વધા ત્યાં શીવજી, જેકો નર આ ઠાર;
વર્ણાશ્રમમાં રહી અને, યાં આવે નિરધાર. ૩૪
વળતી દર્શન માહરૂં, કરે ભાવથી તેહ;
રાય ચક્ર વૃદ્ધિ બને, જરી નહીં સંદેહ. ૩૫
નાગેશ્વર નામે થયા, જ્યોતી રૂપે આપ;
વંદે દોલત ભાવથી, સ્હાય કરો જગ બાપ. ૩૬

૧૧ રામેશ્વર.

ઝુલણાછંદ.

રામજી જે સમે આવ્યા ઉદધી કને, જાનકી શોધવા માટ જ્યારે;
લાગી તરશા ધણી રામને ત્યાં નકી, લાવિયા જળ કપિ ત્યાંય ત્યારે. ૧
એટલે રામને સ્મરણ આવ્યું તહીં, આજ મેં શીવ પુજન ન કીધું;
તે છતાં કેમ મે વારી મંગાવીયું, પાછું ધરિ પાત્રને જળ ન પીધું. ૨
વગતિ કરવાને લાગ્યાજ ચિંતામણી, આપ ભોળા નકિ સ્હાય આપો;
લંકપંતી રાવજે ભક્ત છે આપનો, જીતવા માટ વરદાન થાપો. ૩
ધર્મનું કાર્ય છે તેજ થાવા થકી, દેવતા સર્વ મનમાંજ રાચે;
તે ઘડી શીવજી પ્રગટ થઇને વધ્યા, જીતશો રોહને આપ સાચે. ૪
પ્રાર્થના ત્યાં કરી રામજીએ અતિ, રાખિયા શિવને સ્થાન સાથે;
ધારીયું નામ રામેશ્વર આપનું, ને રહ્યા ત્યાંય કૈલાસ નાથે. ૫

---

૧૨ ઘૃસ્મેશ્વર

ગરબી.

અલબેલીરે અંબે માત જોવા નિત નિત જઇએ. એ રાગ.
પૂર્વ કાળમાં વિપ્ર સુધર્મા નામે,
દેવગીરી પર્વત જ્યાંય વસતો તે ઠામે. ટેક.
તે સ્થળતો છે દક્ષિણ માંહી, રહે તહાં તે વિપ્રરે;
ગોત્રિ ભાર દ્વાજ અને છે, બહું વિદ્વાન પવિત્ર. વસતો૦ ૧
હતી તેહની સ્ત્રી સુદેહા, નથી કાંઈ સંતાનરે;
પશ્ચાતાપ કરે નારી બહું, ખાય ન ભાવે ધાન વસતો૦ ૨

એક દિવસ પડોસણુ સાથે, વઢીયાં ગાળો ગાળરે.
ત્યાં મેણું તે રાંડે માર્યું, વાંઝણી તુજ મોં બાળ. વસતો૦ ૩
કીધો કજીયો ધણોક વળતી, હોલાયો નીરધારરે;
પતિ પાસ જઇને ટળવળવા, લાગી તેહ અપાર. વસતો૦ ૪.
સ્ત્રીને શીખ આપી સ્વામીયે, દઇને બહુ બહુ જ્ઞાનરે;
નારીની છે જાત હઠીલી, સમજી ના અજ્ઞાન. વસતો૦ ૫
થવા ખાતરી સૂધર્માએ, બે ફુલ લીધાં પાસરે;
એક રાતુંને એકજ ધોળું, લઇને કર્યો તપાસ. વસતો૦ ૬
ફુલ રાતું જો આવે કરમાં, તો થાશે સંતાનરે;
નહિં થવાનું હોયતો આવે, ધોળું નિશ્ચે માન. વસતો૦ ૭
કહે સ્ત્રીને સાંભળજે તું તો, વાત કહું આ ઠારરે;
આ બે ફુલ પડયાં તેમાંથી, એકજ લે આ વાર. વસતો૦ ૮
સ્ત્રીએ ધોળું ફુલજ કરમાં, લીધું તેણી વારરે;
સ્નાન કરી મુખને નીશાસો, મૂકયો ત્યાં નીરધાર. વસતો૦ ૯
નિજ સ્ત્રીને કહે છે સુણ વહાલી, કરો ભજન કીરતારરે;
નહીં થાશે આ ભવમાં તુજને, પૂત્ર નકકી મનધાર. વસતો૦ ૧૦

વણઝારો.

સુદેહા વળતિ ત્યાં વદી હે નાથરે; તમો એક કરોને કાજ, જોડુ હાથરે;
પૂત્ર મને થાશે નહીં „ ધારયું મનમાં નિસ્ચે આજ „ ૧૧
ભ્રાત મારાની દીકરી, „ છે ધુસ્યા નામે જેહ. „
લગન તેહ સાથે કરો, „ રૂપ ગુણી બહુ છે તેહ. „ ૧૨.
એ બહુ નાની મૂજથી, „ પણ માનિશ મોટી નેટ; „
માનીશ મારો પૂત્ર હું, „ જે થાશે તેને પેટ. „ ૧૩

ત્યારે રૂષિજી બેલિયા, હે નારરે; કહું હું તે શિક્ષા માન, તું નીરધારરે;
આજ તું તો આતું વદે, ,, પછી થૈ બેસે અજ્ઞાન, ,, ૧૪
માટ જવાદે વાત આ, ,, કહું છું હું સાચી વાણુ, ,,
પેટચોળી શળ કાં કરે, ,, થાશે વિધ્નજ ભક્તિ મ્હાણ, ,, ૧૫
પત્નિ કહે માનું નહિં, હે નાથરે; કરો લગ્ન તમો મુજ ઇશ જોડું હાથરે
અહરનિશે તેની પ્રતી, ,, થઇ દાસ હું તો પરતીશ, ,, ૧૬

દોહરો.

પરણ્યો સુધર્મા પછી, ઘુસ્યા નારી સાથ;
સેવ સુદેહા તેહની, કરે દીનને રાત. ૧૭
નિજ સ્ત્રી ઘુસ્યાથી વધો,, વિપ્ર સુધર્મા બોલ;
પાર્થિવ પુજા માટ તો, આપ્યો બોધ અતોલ. ૧૮
કહે કરો શીવ સેવના, પૂરેતે મન આશ;
ભક્તી કરવાથી થશે, પાપ મૂળનો નાશ.
રિદ્ધ શિદ્ધ નિદ્ધી નવે, આપી કરે પ્રકાશ;
કરૂણાળુ બહુ છે પ્રભુ, નિજ ભક્તો પરખાસ. ૨૦
સુણી બોલ નિજ કંથનો, મન ધારી તે વાર;
સેવન શિવનું બહુ કરે, અહર નિશે આ નાર. ૨૧
એકજ શતને એક નીત, કરે પારથિવ સેવ;
મહાદેવે કરૂણા કરી. થયો પુત્ર તતખેવ; ૨૨
એવો છે ભોળો નકી, ઉમીયા કેરો નાથ;
મુજ સેવક દોલત કહે, ગ્રહો દીનનો હાથ. ૨૩

રઘુપતિ રામ રૂદેમાં રેજોરે (એ રાગ)

થયો ત્યાં પુત્ર ઘુસ્યા નારીરે, કરી મેહેર શીવે બહુ સારી;

થયો ત્યાં પુત્ર ધુસ્યા નારીરે. ૨૩.
મળે માન જ્યાંને ત્યાં તેનેરે, ગણે ભાગ્યશાળી સૌ એનેરે;
કરી સેવના શીવની જેણે, થયો ત્યાં પુત્ર ધુસ્યા નારીરે. કરી. ૨૪
દેખી દાઝે સુદેહા નારીરે, તેને માન દે ધુસ્યા ભારીરે.
તોય મનમાં બળે અવિચારી, થયો ત્યાં પૂત્ર ધુસ્યા નારીરે કરી. ૨૫
નામ તેહનું સુપ્રીય ધાર્યુંરે, થયો ઉમ્મર જોગ તે વારે રે.
લગ્ન તેનું પછી નિરધારયું, થયો ત્યાં પૂત્ર ધુસ્યા નારીરે. કરી. ૨૬
લગ્ન કીધું બહુ હર્ષ ભેરરે, આવી પુત્ર વહુ નીજ ઘેરરે;
કીધી સારી શિવે આ મ્હેર, થયો ત્યાં પુત્ર ધુસ્યા નારીરે. કરી. ૨૭
દેખી આવું સુદેહા મનમાંરે, બહુ આગ ઉઠે છે તનમાંરે;
નીશદીન બળેજ અગનમાં, થયો ત્યાં પૂત્ર ધુસ્યા નારીરે. કરી. ૨૮
વહુ (અને) પુત્ર મા કહી બોલાવેરે, સહુ માન દે તેને ભાવેરે;
તોય નિજ દીલમાં નવ આવે, થયો ત્યાં પુત્ર ધુસ્યા નારીરે. કરી. ૨૯
મન માંહિ તે ધારે નિત્યરે, કાંઇ કાર્ય બને વિપરીતરે;
દીલ શાંત થશે તે રીત, થયો ત્યાં પુત્ર ધુસ્યા નારીરે. કરી. ૩૦
એક દીન ધારીને મનરે, ઉંઘમાંહી છે સુપ્રિય તનરે;
તેને કરવા ધારીને વિઘન, થયો ત્યાં પુત્ર ધુસ્યા નારીરે. કરી. ૩૧

રાગ. સીતાજીના મહિનાનો.

અસિ લેઇ પોતે કરમાંય, નિશા મધ્યને સમે;
આવી ધાઇ સુદેહા નાર સુતેલા તન કને ૩૨
પોતે મારીયો સુપ્રિયબાળ, ધુસ્યાને જે થશે
ઘોર કર્મ કરયું આવાર, વિચાર નહીં લહયો. ૩૩
કરી તનના ખંડ અપાર, લેઇ આવી તહાં;

પધરાવતી ધુસ્યા નાર, પાર્થીવોને જહાં. ૩૪
નાખી તેહ સરોવર માંહ્ય, આવી નિજ વાસમાં;
પોઢી શાંત થઇને આપ, બહુ ઉલ્લાસમાં. ૩૫

અચાનક આ શો કોપ કીધો કીરતાર. એ રાગ.

ધુસ્યાને સુધર્મા ઉઠયાં છે પાછલિ રાત,
નાહિ ધોઇ નિત્ય કર્મ કરે તે સાક્ષાત. (ટેક.)
સુદેહા ઉઠી પોતે કરે છે ગ્રહ કાજ,
ખુશી થઈ છે તેને દિલે તો અતી આજ. ધુસ્યા. ૩૬
એવા મહીં ઉઠી વહૂ સુપ્રીય તણી,
ઉઠતાની સાથ થઇ ઉદાસી ઘણી. ધુસ્યા. ૩૭
બની બ્યાકુળ તે અતી દેખી લોહી મંન,
અરરર હણ્યો કોણે મૂજ સાસુ તંન. ધુસ્યા. ૩૮
રોતી પીટતીને રાડ કરતી તે નાર,
સ્વસુરને સાસુ પાસ આવી તેણી વાર ધુસ્યા. ૩૯
ઓ સાસુજી તમ પૂત્રને કોણે હણ્યો,
હાય હાય આજ થયો ગજબ ઘણો; ધુસ્યા. ૪૦
નિત્ય કર્મ સાસુ સસરો કરે તેવાર,
તે થકી ઉઠયા ન કોઇ ત્યાંથી નિરધાર, ધુસ્યા. ૪૧
પણ ઢોંગ સુદેહાએ તો કીધો ઘણો,
હાય હાય કોણે નિજ પુત્રને હણ્યો. ધુસ્યા. ૪૨
ધુસ્યાને સધર્મા કરી રહ્યાં સેવ સાર,
પછી કર્યો તપાસ પૂત્ર તણો અપાર. ધુસ્યા. ૪૩
શોધ લાગી નહીં પછી ધર્યું દિલ સાથ,

કરે છે ધારેલ શિવશંભુ દિનનાથ. ધુસ્યા. ૪૪
દીધો તો તેણેને લીધો તેણે તો આવાર,
નિમિત્ત આપણ છીયે કરે કીરતાર. ધુસ્યા. ૪૫
જીવ મરતો નથી જનમતો નથી,
દેહની સગાઇ છે નકી કહું કથી. ધુસ્યા. ૪૬
એમ દિલ ધારી દેહ સબંધથી આપ,
સ્નાન કર્યું છે સુપ્રિય તણાં માને બાપ. ધુસ્યા. ૪૭
અન્ય સબંધીઓએ પણ કર્યું ત્યાં સ્નાન,
વિઘ્ન આવું તો કરયું સુદેહા અજ્ઞાન. ધુસ્યા. ૪૮
સ્નાન કરી ધુસ્યા નારી તો ચાલી તે વાર,
પૂજે લાજે પાર્થિવ પધરાવા તેણે ઠાર. ધુસ્યા. ૪૯

ઢાળ.

ધુસ્યા નાર પધરાવે શીવ જ્યાંહી,
આપ ઘરની પાછળ તળાવ માંહી. (ટેક)
પધરાવી પાર્થિવોને વળી જ્યારે.
ઉભેલ કાંઠે પુત્ર બોલિયો તે વારે;
મા કહિને પાસ આવીયો એવારે.
ધુસ્યા નાર પધરાવે શીવ જ્યાંહી. આપ. ૫૦
વદન હસ્તું રાખીને થતોજ રાજી,
હર્ષથી પડયો સુપ્રિય તેને બાઝી;
તોય તે ઘડી ખુશી ન બની ઝાઝી,
ધુસ્યા નાર પધરાવે શીવ જ્યાંહી. આપ. ૫૧
જોઇ ધૈર્ય આ નારીનું મહાદેવ,
જ્યોતિ રૂપ પ્રગટયા ત્યાં તતખેવ;

એવા છે કૃપાળુ દેવના એ દેવ,
ધુસ્યા નાર પધરાવે શીવ જ્યાંહી. આપ. ૫૨
પછી બોલિયા બનેલ ઇતિહાસ,
માર્યો તુજ પૂતને સુદેહા ખાસ;
તેહ સાંભળી બની ન તે ઉદાસ,
ધુસ્યા નાર પધરાવે શીવ જયાંહી. આપ. ૫૩
શીવ કહે તેને હણું હું આણિ વારે,
કરી સ્તુતિ ધુસ્યાએ અતી ત્યાં ભારે;
બચાવી તેમ સોખ્યનેજ તેહ નારે,
ધુસ્યા નાર પધરાવે શીવ જહાંહી. આપ. ૫૪

રાગ. ઓધવજીના સંદેશાનો.

ધુસ્યાએ શંકરને સમર્યા તે સમે,
હણશોના મુજ શોકય શોકય સુદેહા આપજો.
તેહ તણા પરતાપે દર્શન તો થયાં,
આપ તણાં હે ભોળા જગના બાપજો. ધુસ્યા. ૫૫
સુણતાં આવું શીવ પ્રસંન થયા બહું,
કહે નારીને માગ્ય તું વર આ વારજો;
ત્યારે શીવજી પાસે ધુસ્યાએ કહ્યું,
રહો તમો યાં વાસ કરી ત્રિપુરારજો. ધુસ્યા. ૫૬
ધુસ્યાને શિવ કહે તેં તો પધરાવિયાં,
આ જળ માંહી મારાં બાણુ અપારજો;
તેહ સરોવર તીર્થ શિવાલય નામથી,
જગ માંહી પ્રખ્યાત થશે નિરધારજો. ધુસ્યા. ૫૭
બીજું એક દઉં વરદાનજ તુજને,

પછી રાતને એક થશે તુજ સારજો;
ત્યાં સુધી તો ભક્તો મારા તે થશે,
દીધું એ વરદાન તહીં ત્રિપુરારજો. ઘુસ્મા. ૫૮
તુજ નામેથી નામ ધરૂં હું માહરૂં,
ઘૂશ્મેશ્વર તો કહેવાઉં આ કારજો,
તેમ કહીને રહ્યા તહાં મહાદેવજી,
કહે છે દોલત સ્હાય કરો ત્રિપુરારજો. ઘુસ્મા. ૫૯

ગીતિ.

દ્વાદશ જ્યોતી વરણ્યા, સ્થળ સાથે વર્ણન અલ્પ સાથ;
દોલત કહે કરજોડી, ભોળા શંભુ ગ્રહો મુજ હાથ. ૬૦

સ્તુતિ.

ગરબી.

શિવશંકર સેવો, સહુ જન શિવશંકર સેવો;
નારીને નર સર્વ સુણી લ્યો, ત્રિપુરેશ્વર કેવો.
સહૂ જન શિવશંકર સેવો. (ટેક.)
કંઠ મહીં રૂદ્રમાળ બિરાજે, મણિધર અંગે એવો. સહૂ૦ ૧
ગંગ બિરાજે છે શિર માંહી, નમે છે જેને બધા દેવો. સહૂ૦ ૨
દક્ષિણ અંગે પાર્વતિ શોભે, ઉછરંગે દુંદળ દેવો. સહૂ૦ ૩
ભૂત ભૂતાવળ તેને શરણ છે, શરણાંગત તેવો. સહૂ૦ ૪
ત્રણ ભૂવન ત્રીલોચન ત્રાતા, ત્રિગુણાત્મા કેવો. સહૂ૦ ૫
સેવક જનપર મ્હેર કરંતા, દુઃખ હરતા એવો. સહૂ૦ ૬
સુર સકળ તેને બહુ નમતા, દૈત્ય ભજે એવો. સહૂ૦ ૭

ભક્તજનોને છે સુખદાયક, વરદાતા તેવો. સદૃ૦ ૮
દોલતરામ વદે શુભ વાણી, છે એ કલ્પવૃક્ષ જેવો. સદૃ૦ ૯

ગજલ.

દયાળ શીવ હું પ્રણામ આપને કરૂં,
રંક સેવકોનું સર્વ દુખ કરો પરૂં;
પાર્વતીપતિ કૃપાળુ આપ છો સદા,
ભક્તજનો ભાવ ધરી સેવે સર્વદા. દયાળ, ૧૦
ગંગાજી સદાય આપ મસ્તકે રહે,
અનેક સુરને અસુર આપને ચહે. દયાળ. ૧૧
ભાગ્ય જેહનું હશે તે આપને નમે,
કરી પ્રણામ આપને યાં વંદિએ અમે. દયાળ. ૧૨
પિતાજી આપ તો વિભુ છો ગણપતિતણા,
જીભથી હું વર્ણવું શું ગુણ આપણા. દયાળ ૧૩
શીવ હું સ્મરૂં સદાય આપ નામને,
દોલતરામ તો અહીંજ વીનવે તને. દયાળ. ૧૪

પંચવટીમાં શ્રી રઘુવીર બિરાજતાજો. (એરાગ.)

સર્વ તજીને સમરૂં શંકર તુજનેજો,
દીન થઈને માગું તારી પાસજો.
અલ્પમતીથી વિનતી આજે ઉચરૂંજો,
સહાય કરો શિવ હું છું તારો દાસજો.
સર્વ તજીને સમરૂં શંકર તુજનેજો. (ટેક)
આપ સુભંગે ભસ્મ અતીશય ઓપતીજો,
ત્રણ નયન તો શોભે છે ત્રિપુરારજો;

સર્વ થકી મોટા છો શંકર સર્વદાજો,
સૂર અસૂરો તણો કરો ઉદ્ધારજો. સ૦ ૧૫
રાવણ રાણો મહાબળિયો લંકાપતીજો,
તેણે સમર્યાતા તમને શિવરાયજો;
પ્રસન્ન થઇને વર દીધો શિવજી તમેજો,
દશ મસ્તકને વીશ કરી ભૂજાયજો. સ૦ ૧૬
મહિરાવણ જેરાય થયો પાતાળમાંજો,
તેણે સેવ્યા તમને અપરંપારજો;
તન સૂકયું શિર ઉપર તરૂવર ઉગિયાંજો,
એક દિલેથી ભજીયા શ્રી ત્રિપુરારજો. સ૦ ૧૭
ઇંદ્રે તેનો ટેક તજાવા કારણેજો,
અતી અપ્સરા મોકલીતી તે પાસજો;
અન્ય ઉપાયો તેણે તો બહુ આદર્યાજો,
પણ નહીં ચુકયો તે શિવ તારો દાસજો. સ૦ ૧૮
મહીરાવણ તો અલ્પ નકી ચળિયો નહીં જો,
થયા પ્રસન્ન તેની ઉપર શિવ આપજો;
તેના મનનું સર્વ કપટ જાણ્યા છતાં જો,
વર દેવા તે પાસ ગયા શિવ આપજો. સ૦ ૧૯
વર તેને તો દીધો તેં બહુ કારમોજો,
કદી નહીં તું મરશે અવની માંહ્યજો;
કારણ તેનું અદ્ભૂત આપે સ્થાપિયુંજો,
અમરત કુંડજ કીધો ભુતળ માંહ્યજો. સ૦ ૨૦
કો બળીઓ જો તેને હણવા આવશેજો,

બિંદુરકત તણાં પડશે જે ઠામજો;
તેની ઉપર અમ્રતભમરા આણુશેજો,
નિપજે સઘળા મહિરાવણુ મહા કાયજો. સ૦ ૨૧
અકળિત લીલા છે તારી મ્હાદેવજી જો,
નમ્ર થઇ કર જોડું તારી પાસજો:
કષ્ટ સમેતો સ્હાય કરો મુજ રંકનેજો,
વિનવે શિવજી દોલત તારો દાસજો. સ૦ ૨૨
આ ગરબી કો નર નારી શ્રવણે સુણેજો,
પાપ પલાયન થાય નહીં સંદેહજો;
મુરખ જાણો જેણે શિવજી ના ભજ્યાજો,
આ અવનીમાં ધરીઓ ફોકટ દેહજો. સ૦ ૨૩

बार माहिना.

કલ્યાણ.

જય ભોળા શંભુ, કરો સ્હાય આ સમે;
આપના અતુલ ગુણ, ગાઈએ અમે. (ટેક)

કારતક માસે કરૂં વીનતી, આવી આપ હજુર;
સેવક જનપર ક્રાપા કરીને, કરો દુઃખ સૌ દુર. જય૦ ૧
માગશર માસે આપ પુત્રનું, વર્ત કરે બહુ જંન;
શરૂ કરે અંધારી ચોથે. ગણેશ થાય પ્રસંન. જય૦ ૨
પોષ માસમાં ટાઢ પડે તે, કહેતાં કળી ન જાય;
ધ્યાન ધરે જે આપ તણું, તેનું પાતક દુર થાય. જય. ૩
માઘ માસમાં તો રૂપાળો, શિવરાત્રીનો દીન;
કરે જાગરણુ તે જન કેરી, કરો દૂર્મતી હીણુ. જય૦ ૪

ફાગણમાં ફુલ ફળતી હોળી, તે ત્હેવાર અધીક;
ઉન્નત થૈ સૌ બાળ ફરે છે, લેશ ધરે ના બીક. જય૦ ૫
ચૈત્ર માસમાં ધ્યાન ધરીને, લાગુ તારે ચર્ણ;
ફરી નહીં દેશો આ જુગમાં, કદી જન્મ કે મર્ણ. જય૦ ૬
વૈશાખે તો વા બહુ વાયે, તાપ પડે છે રિષ્ટ;
તે માસે તો મંડાવે છે, પરબો જે ધરમીષ્ટ. જય૦ ૭
જેઠ મહીં જુગતી સારી છે, મેઘાડંબર થાય;
સૌ જન વાટ જુએ વરષાની, ગીત ગુણીજન ગાય જય૦ ૮
માસ અષાડે તો આવે છે, મેઘ તણી મરજાદ;
અરાંપરા લોકો નાશે છે, પડે જહાં વરસાદ. જય૦ ૯
વરસે છે શરવડાં શ્રાવણે, ઉદ્યમના તે દીન;
આપ તણી સેવા એ માસે, કરે તવંગર દીન. જય૦ ૧૦
ભાદરવો તો ભય હણનારો, ગરજે મેઘા રાય;
કષ્ટ હરો આખલક સર્વનાં, સમરૂ શંકર રાય. જય૦ ૧૧
આસો માસે ઓચ્છવ તો, બહુ થાયે ઘેરે ઘેર;
નવી નવી ભાતોનાં ખાવાં, કરતા રૂડી પેર. જય૦ ૧૨
માસ તેરમો અધિક કહું આ, પરશોતમ જે નામ;
બે કર જોડી નમે તુજને, સેવક દોલતરામ. જય૦ ૧૩

जनोपदेश.

આવોરે આવો શીવશંકર ભોળા. એ રાગ.

ભાઇઓરે તમે શીવશંકર બોલો,
કરો પટ દીલતણો ખોલો. ટેક
સ્નેહી સગાં સૌ જુઠાં જાણો;

સાચો એક સંકર પરમાણો;
સ્તવન કરી તેહનું સુખ માણો,
ભાઇઓરે તમો શિવશંકર બોલો. કરો૦ ૧
જુઓ માત તાત એની ભાઈ,
સબળ હોય ત્યાં લગી સગાઇ;
દુર્બળ સમે દેખશો દુઃખદાઈ,
ભાઇઓરે તમો શીવશંકર બોલો. કરો૦ ૨
ધ્યાન તેનું અહરનીશે ધરવું,
ધાન્ય ધન્ય સત્યે જવા વરવું;
નકી નીચ કામ થકી ડરવું,
ભાઇઓરે તમો શીવશંકર બોલો. કરો૦ ૩
ધરીને ધ્યાન હરીહરનું,
ભજી તેને ભવસાગર તર તું;
કદી કામ એક ન કર નરતું,
ભાઇઓરે તમો શીવશંકર બોલો. કરો૦ ૪
દામ નહીં બેસે જરી ભજતાં,
જેને તહાં ચોઘડીયાં બજતાં;
નહીં તેને ખાળી શક્યા કો જતાં,
ભાઇઓરે તમો શીવશંકર બોલો. કરો૦ ૫
વાળ એક નહીં ખસસે તનનો,
સંગ્રહ કર ભક્તિ રૂપી ધનનો;
મેલ કાઢી નાંખજે નીજ મનનો,
ભાઇઓરે તમો શીવ શંકર બોલો. કરો૦ ૬

દેવતા દૈત્ય ભજે જેને,
ભુત પ્રેત આદિક વસ તેને;
દોલત કહે અરજ કરો એને,
ભાઈઓરે તમો શીવ શંકર બોલો. કરો૦ ૭

રાગ પ્રભાત.

સ્વપ્ને પણ શંકર નવ સમર્યા, સુખ શાથી સાંપડશેરે;
જમ કિંકરનો ભય નવ ધરીયો, અંત સમે તે નડશેરે. ટેક.
પરદારા શું રંગે રમવા, નિત્ય ઉઠીને ધાતોરે;
મિત્ર પ્રિયાથી નેહ કરીને, કેફ પીતો ને પાતોરે. સ્વપ્ને૦ ૮
પંચેન્દ્રિયને બહુ બેકાવી, હરે ફરે મદ માતોરે;
નિચ કરમ કરતાં તું કદિયે, અલ્પ નહીં અચકાતોરે સ્વપ્ને૦ ૯
કાન ઉઘાડી શ્રવણ ન કરતો, ભકિત જરી ઇશ્વરનીરે
દાનત તારી નીશ દીન દીસે, મેળવવાને જરનીરે સ્વપ્ને૦ ૧૦
ભણતર ગણતર ભણિયો ભારી, પંડીત તો કહેવાણોરે;
પણ ઈશ્વરનું નામ ન લીધું, તે પંડિતના પહાણોરે. સ્વપ્ને૦ ૧૧
બાળપણું એળેજ ગુમાવ્યું, યૌવનમાં મદ પુરોરે;
વૃદ્ધપણે તો છળ કર્યો બહુ, જરી નહિંજ અધુરોરે. સ્વપ્ને૦ ૧૨
જીવતર સઘળુ ધુળજ કીધું. મમતા મોહ કરીનેરે;
કૃષ્ટ દયાની અલ્પ ન કીધી, જુગમાં દેહ ધરીનેરે. સ્વપ્ને૦ ૧૩
ભકત જનોના ભય હણે છે, એવો શંકર ભોળોરે;
દોલત વંદે બે કર જોડી, જય જય શિવ સૌ બોલોરે સ્વપ્ને૦ ૧૪

ઝુલણાં છંદ.

શીવને સૌ ભજો અલ્પ માયા તજો, ને સજો તેહની ભકિત સાચી;

છે ભરોસો નહિ દીનકે પહોરનો, છે નકી કાય જાણોજ કાચી. ૧૫
માતને તાતને બેન ભ્રાતો બધાં. છે સગા સ્વાર્થ સુધી પ્રમાણો;
હોય સંપત તમો માંહિ.જ્યાંહાંસુધી, ત્યાં સુધી તેહમાં સુખ જાણો. ૧૬
દ્રવ્યને ઢાળિયાં મ્હેલને માળીયાં, જાવું પડશે મુકીને તમારે.
ભક્તિ જો નહીં સજો સદ્ય પરથમ થકી, તોપછી આવશે કોણ વારે ૧૭
પ્રેમથી નેમથી શીવને જો ભજો, તો નકી મુક્તિ થાશે તમારી;
દાસ દોલત્ત કરજોડીને વીનવે, ધારજો વિનતી સર્વ મારી. ૧૮

જીવને શિખામણ.

પદ

મન તું સમર ન કર હરના એ રાગ.

ધ્યાન સૌ ધરો હરી હરનું, કામ નહિ પડે જરી જરનું;
નીશ દિન રટો નામ તે તણું, સત્ય વચનજ હું આજે ભણું.
જીવ શંકરને ભજનેરે, અલ્પ આ માયા તજનેરે. ટેક.
ભક્તિ શિવશંકરની સજરે, આવશે તેજ પછી મજરે;
સુર સૌ સેવે છે જેને, અલ્પ જીવ ભજ તું તો એને. જીવ૦ ૧
પત્નિ જેની પાર્વતી માતા, ભક્ત જન સૌને સુખદાતા;
ગંગ તો રહે શીષ જેને, અલ્પ જીવ ભજ તું તો એને. જીવ૦ ૩
તેહનો પુત્ર નામ ગણપતિ, કીર્તી વ્યાપી છે જુગમાં અતિ,
વિનતી સહાય કર તેને, અલ્પ જીવ ભજ તુ તો એને. જીવ૦ ૪
નમો સૌ ભાવ ધરી ભોળો, લગાવો અંગ ભસ્મ ગોળો;
સુખ કરશે તે સર્વેને, અલ્પ જીવ ભજ તું તો એને. જીવ૦ ૪
ભયો જે બાણાસુર રાણો, પુત્રિ એની ઉષા જાણો;
ઉધાર્યો તે રાયને તેણે, અલ્પ જીવ ભજ તું તો એને. જીવ૦ ૫

ગઢ લંકાનો જે રાજા, દેવની ઉતારતો માજા;
ભજ્યો તો શિવશંકર તેણે, અલ્પ જીવ ભજ તું તો એને. જીવ૦ ૬
શીવ જેને શિર કર થાપે, વ્યાધિ નહીં દીલ જરી વાપે;
જઈને સૌ શરણે તેને, અલ્પ જીવ ભજ તું તો એને. જીવ૦ ૭
સુત જાની પ્રાણશંકરનો, વદે છે દોલત પાટણનો;
માગુ કરજોડી ભોળા કને. થાય સુખ શાતા જન સર્વને. જીવ૦ ૮

રાગ વાવેલાનો.

ભજી લેનેરે જીવ શિવશંકરને,
શિવશંકરને શિવશંકરને;
ભજી લેનેરે જીવ શિવશંકરને. ટેક.
નીશદીન ધ્યાન ધરો, તેહ તણું ભ્રાત;
શુભ કરશે સદાય, તે કૃપાળુ તાત. ભજી૦ ૯
રાય રંક સર્વ જનો, તેહનું લ્યો નામ;
ચિત્ત ચાહશો નકી તે, થાય પુર્ણ કામ. ભજી૦ ૧૦
કાળ ખાળશે ખચિત, હરશે આપ પાપ;
ધર્મ કર્મ તો ધરિ, સંભાર શુભ બાપ. ભજી૦ ૧૧
જુઠ તાત જુઠ માત, જુઠ સર્વ જંન;
જુઠ જગત સર્વ દિસે, છે જુઠુ આ તંન. ભજી૦ ૧૨
જુઠ સ્નેહિ સર્વ છેજ, જુઠ સૌ અવાસ;
સત્ય એક માનજો, છે ભક્તિ જેહ પાસ. ભજી૦ ૧૩
હાથ બેઉ જોડીને હું, વંદું છું આ ઠામ;
જાની પાટણ શહેરનો, છે દાસ દોલતરામ. ભજી૦ ૧૪

પદ.

ગર્ભવાસ રાખ્યોરે. (એ ચાલ.)

જીવ જોને જાગીરે, ઉંઘ કેમ આવી ગઇ;
પાસે આગ લાગીરે, નિન્દ્રા કંઈ ઉડે નહિ (ટેક.)
દાવાનળ તો લાગ્યો અતીશય, જોતામાં ખાખજ થાય;
સુકું કે લીલું ક્યાંય ન લેખે, રંક અને વળી રાય;
લેશે જગ બાધું રે, કોને પણ છોડે નહીં. જીવ૦ ૧૫
કોઈ પાંચે કોઇ દશજ દીને, કોઇ વરસ બે ચાર;
કોઈ આઠેને કોઇજ બારે, કોયને વર્ષ અઢાર.
વીશે વય આવીરે, જુવાનીના જોર તણી. જીવ. ૧૬
પચીસ ત્રીશે પાપ કર્યું ને, ચાળીશ ચતુરાઈ કીધ;
વર્ષ પચાશે પાનજ પાક્યું, કાર્ય થયું ના સીધ;
સાતેરે તું સુતોરે, મરણ પથારિ મહીં. જીવ૦ ૧૭
એંશી થયાં ત્યારે અંધ થયો તું, નેવું એ તો ન ઉઠાય;
સોએ તો સાંસામાં પડીયો, હવે પ્રભુ ક્યમ થાય;
પછી તું પસ્તાણોરે, પ્રથમ વિચાર્યું નહીં. જીવ૦ ૧૮
ઉન્મત્તાઇ અતીશય કીધી, યુવાવસ્થા માંય;
જાણ્યું નહીં જે જાવું પલકમાં, સુરવસે છે જ્યાંય;
અહંકારી કેવાણોરે, નમ્રતા ન કીધી કંઈ. જીવ૦ ૧૯
મહાલે છે તું મદ કરીને, પણ ભમે શિર કાળ;
ગેબ થઇશ તું ઘડી પલકમાં. કાળની એવી ઝાળ;
કાળ તે ભરીનેરે, ઝડપશે જોતા મહિ. જીવ૦ ૨૦
ધન કાજે ધાતોજ ફરે છે, ધરે નહીં મરજાદ;

એક ઘડી ના નામજ લીધું, ઇશ્વરનું ધરી યાદ,
ફરે ફાગેલામાંરે, વળી કદી જોતું નહીં. જીવ૦ ૨૧
યુક્તિ અનેક અનેક કરીને, કરતો કપટ અપાર;
ધર્મ અધર્મ વિચારી ન જોયો, પાછળ પડશે માર;
પડે માર જ્યારેરે, તહીં કરગરતો સહી જીવ૦ ૨૨
સર્વે જનો સ્નેહે સાંભળશો, વાક્ય કહ્યું અનુંચિત્ત;
દોલતરામ કહે કરજોડી, આચરજો શુભ રીત;
ભજો શિવ ભોળારે, સાથ કરે સઘ સહી. જીવ૦ ૨૩

आरती.

જયદેવ જયદેવ જયજય જગતાત્રા પ્રભુ. (૨)
તુ અવની પિતુ માતા, છો પ્રભુ પ્રખ્તાતા. (ટેક.)
દ્વિપકલ્પ સૌરાષ્ટ્ર, ત્યાં વસિયા દેવા; પ્રભુ (૨)
એક ચિત્તથી સોમે, કરી તુજ સેવા. જયદેવ (૨) ૧
સોમેશ્વર ધરિ નામ, વસિયા તે દીનથી; પ્રભુ (૨)
દ્વય કરજોડી તારી, કરૂં નિત્ય વિનતી. જયદેવ (૨) ૨
સ્વામી કાર્તિક પુત્ર, ભોળા આપ તણો; પ્રભુ (૨)
રીસ કરી બહુ નાઠો, ક્રોધિ તેહ ઘણો. જયદેવ. (૨) ૩
શ્રી શૈલ છે ગિરી જ્યાંય, જડી શોધ એની; પ્રભુ (૨)
તહાં જઇ શિવ પોતે, કરી ખોળ તેની. જયદેવ. (૨) ૪
તેહ દીને ત્યાં આપ, જ્યોતી રૂપ થયા; પ્રભુ (૨)
મલીકાર્જુન નામે, વાસ કરીજ રહ્યા. જયદેવ. (૨) ૫
ઉજયનીનો વીપ્ર, હતો ભક્ત તારો; પ્રભુ (૨)
દુષણુ દૈત્ય હણીને, તુજ સેવક તાર્યો. જયદેવ (૨) ૬

જ્યોતી રૂપ પ્રકાશ, તે દિન ત્યાંય થયા; પ્રભુ (૨)
મહાંકાળેશ્વર નામે, જગ વિખ્યાત થયા. જયદેવ (૨) ૭
વિંધ્યાગિરીએ આપ, સેવ કરી ભારી; પ્રભુ (૨)
દઈ વરદાનજ તેને, રાખિયો ઉગારી. જયદેવ (૨) ૮
તહાં ધર્યું **ઓંકાર, મમરેશ્વર** નામ; પ્રભુ (૨)
દાનવ દેવ બધાનાં, સિદ્ધ કર્યાં કામ. જયદેવ (૨) ૯
નર નારાયણ પ્રગટયા, હીમગિરી માંહી; પ્રભુ (૨)
આરાધંન કરીને, વસાડિયા ત્યાંહીં. જયદેવ (૨) ૧૦
કેદાર શિખ્ખર માંહી, વસિયા છો તાત; પ્રભુ (૨)
કેદારેશ્વર નામે, થયાજવિ ખ્યાત. જયદેવ (૨) ૧૧
કામરૂપેશ્વર રાય, કામરૂ દેશ તણો; પ્રભુ (૨)
ભિમરાક્ષસ તેને તો, દુઃખ દેતોજ ઘણો. જયદેવ (૨) ૧૨
કરી સેવના આપ, ચિત્ત ચાહી તેને પ્રભુ (૨)
રાક્ષસ ભીમ હણીને, ઉગારિયો એને. જયદેવ (૨) ૧૩
ભીમશંકર ધરિ નામ, વસિયા તે ઠામે; પ્રભુ (૨)
કામરૂદેશની માંહી, છો ડાકિની ગામે. જયદેવ (૨) ૧૪
બ્રહ્માકેરૂ શિષ, હણ્યું તેંહ શંભૂ; પ્રભુ (૨)
પાપ મુકત થવાને, ફર્યાંજ ક્ષેત્ર વિભૂ. જયદેવ (૨) ૧૫
અવિમુકતેશ્વર પાસ, દર્શન માટ ગયા; પ્રભુ (૨)
અવિમુકતેશ્વર વળતી, ધરવા ધ્યાન ગયા. જયદેવ (૨) ૧૬
તેહ દિનેથી આપ, વસિયા છો ત્યાંહી; પ્રભુ (૨)
વિશ્વેશ્વર શુભ નામે, કાશિ ક્ષેત્ર માંહી. જયદેવ (૨) ૧૭
ગૌતમ ઋષિ દક્ષિણમાં, કરી તેણે સેવા; પ્રભુ (૨)
દોષ મુકત તેને તો, કીધો છે એવા. જયદેવ (૨) ૧૮

તે દિનથી છો ખ્યાત, છો ત્ર્યંબક ગામ; (પ્રભુ ૨)
નાસિક નગરી પાસે, **ત્ર્યંબકેશ્વર** નામ. જયદેવ (૨) ૧૯
લંકપતી તુજ ભકત, બળિયો બહુ કીધો; પ્રભુ (૨)
ઝાડખંડિ ઝાડીમાં, તેં સજીવન કીધો. જયદેવ (૨) ૨૦
તે દિનથી છો ખ્યાત, **વૈદ્યનાથ** નામે; પ્રભુ (૨)
હીમાચળ દક્ષિણમાં, ઝાડખંડિ ધામે. જયદેવ (૨) ૨૧
દારૂક નામે દૈત્ય, તે બળિયોજ ઘણો; પ્રભુ (૨)
સુપ્રિયને તે પીડે, ભક્તજ શીવ તણો. જયદેવ (૨) ૨૨
વર દેવાને આપ, જ્યોતિ રૂપ થયા; પ્રભુ (૨)
નાગેશ્વર એ નામે, વન દારૂક રહ્યા. જયદેવ (૨) ૨૩
રામે ઉદધિ તીર, સમર્યા બહુ ભારી; પ્રભુ (૨)
જ્યોતી રૂપ ધરીને, પ્રગટયા ત્રિપુરારી. જયદેવ (૨) ૨૪
તેહ દિનેથી આપ, **રામેશ્વર** નામે; પ્રભુ (૨)
વાસ કરી વસિયા છો, પાજતણે ઠામે. જયદેવ (૨) ૨૫
સૌખ્ય સુદેહા નાર, ઘૂસ્યા પુત્ર હણ્યો; પ્રભુ (૨)
ઘોર કર્મથી તુજને, ક્રોધ ચડયોજ ઘણો જયદેવ (૨) ૨૬
પુત્રતે સુપ્રિય નામ, સજીવન તેં કીધો; પ્રભુ (૨)
વળતિ ઘૂસ્યાને તો, વર તેં શુભ દીધો. જયદેવ (૨) ૨૭
તિર્થ શિવાલય માંહી, તે દિન તે ઠામ; પ્રભુ (૨)
ઘૂશ્મેશ્વર શુભ નામે, ખ્યાતા અભિરામ. જયદેવ (૨) ૨૮
દ્વાદશ જ્યોતી રૂપ. વરણ્યાં આ ઠામે; પ્રભુ (૨)
નિશદિન જે જન ગાશે, શુભ પદવી પામે. જયદેવ (૨) ૨૯
કહે દોલત કરજોડ, સૌને સુખ આપો; પ્રભુ (૨)
ભકત સર્વે તારાનાં, દુઃખ બધાં કાપો. જયદેવ (૨) ૩૦

સમાપ્ત.

વૈષ્ણવ જનોને ઘણુંજ ઉપયોગી અને બોધ લેવા લાયક.

सुदाम अने क्रश्नलीला नाटक.

આ બુક મારા તરફથી ગદ્ય પદ્ય સાથે બહાર પડેલ છે.

શ્રી કૃષ્ણ પ્રભુએ પોતાના મિત્ર સુદામાને પોતાની અદ્દભૂત લીલા બતાવેલી અને લીલાના પ્રભાવે કરી સુદામા જેવા પવિત્ર વિપ્રો પણ કેવા ભુલાવામાં પડે છે, વિગેરે બાબતો વિષે બહુ અસર કારક ચિતાર આ બુકમાં આપેલો છે.

બુકની કીંમત રૂ ૦—૫—૦ પાંચ આના રાખેલ છે. પરંતુ શ્રી શંકર સ્તુતિના ગ્રાહકોને ત્રણ આને આપવામાં આવશે. ટપાલ ખર્ચ જુદુ. ફક્ત થોડીજ નકલો સીલકમાં છે.

વ્હેલો તે પેહેલો.

મુ. પાટણ
(ગુજરાત)
"શ્રી શંકરસ્તુતિ ઓફીસ."

લી૦ સેવક
જાની દોલતરામ વિ. પ્રાણશંકર
પુ. પ્ર. કર્તા.

જાહેર ખબર.

સર્વે ગ્રંથકર્તા, બુકસેલરો, તેમજ છાપખાનાના માલીકોને આ જાહેર ખબરથી જણાવવાનું કે પોતાની તરફથી બહાર પડતાં પુસ્તકો અમારી તરફ એજંટ તરીકે મોકલવા વિચાર હશે તો કમીશન વિગેરેનો યોગ્ય બંદોબસ્ત કરી મોકલાવશો તો તે અમો વેચી આપીશું.

વૈદો તથા ડાકટરોએ પણ પોતાની દવા મોકલવા વિશે ઉપર પ્રમાણે તજવીજ કરવી તો તેમનો માલ પણ ખપાવી આપીશું.

સર્વ ભાઇઓને વિનંતી કરવાની કે અમારી તરફથી કેટલીએક જાતનાં પુસ્તકો તથા ઘણાંજ ઉપયોગી અનુભવ મેળવેલ ઔષધો અમારી ઓફીસમાંથી મળશે, માટે તે માગવવા ભુલવું નહિ.

જવાબ મગાવનારે રિપ્લાઇ કયાર્ડથી કે ટીકીટ મોકલી લખવું. નોટપેડ કાગળ સંઘરવામાં નહિ આવે.

મુા. પાટણ.
(ગુજરાત)
શ્રી શંકરસ્તુતિ ઓફીસ.

લી૦ સેવક.
જાની દોલતરામ વિ. પ્રાણશંકર.

અનુભવેલી ને સસ્તામાં સસ્તી

ી સોગઠી.

આ દવાથી આખે શરીરે ફેલાએલી ગમે તેટલા વરસની જુની કાળી યા લાલ દાદરને ટુંકે મુદતમાં ફના કરે છે.

તેમજ ખસ, ખરજવું અને લુખસને પણ મટાડે છે.

વળી તેમાં અજાયબ જેવો ગુણુ એ રહેલો છે કે તેનાથી બિલકુલ બળતરા ન બળતાં સાામી ઠંડક આપે છે.

આ સોગઠીને દીન ૪ ચારમાં આઠ વખત પાણી સાથે ઘસી ચોપડયાથી આરામ થાય છે.

પ્રખ્યાત દેશી વૈદ્યો તથા અંગ્રેજી ડાકટરોની દવાથી કંટાળેલા સખસોએ તો આ દવાનો અવસ્ય ઉપયોગ કરવો જોઇએ.

કિંમત દર સોગઠીએ ફક્ત બે આના. પોષ્ટેજ માફ.

મુ. પાટણ. (ગુજરાત) ઠે. ઢીંગળા ચાચર.

લી० સેવક

સરૈયા અમથાલાલ નહાલચંદ.